# મોડાસા ખાતે શિક્ષણમંત્રીના હસ્તે વિકાસ કાર્યોનું ભૂમિપૂજન-લોકાર્પણ

**મોડાસાના સાકરીયા ખાતે રૂ. ૧૨ કરોડના ખર્ચે તૈયાર થનાર તાલીમ ભવનનું ખાતમુહૂર્ત અને કઉ ખાતે રૂ. ૩૪૨ લાખના ખર્ચે નવનિર્મિત સરકારી તથા ઉચ્ચતર માધ્યમિક શાળાનું લોકાર્પણ કરાયું : સામાજીક ચેતના અને વિકાસના સોપાનનું પ્રથમ પગથિયું શિક્ષણ છે : શિક્ષણમંત્રી**

બાયડ તા.૪

અરવલ્લી જિલ્લાના મોડાસાના મોડાસાના સાકરીયા ખાતે રૂ. ૧૨ કરોડના ખર્ચે તૈયાર થનાર તાલીમ ભવનનું ખાતમુહૂર્ત અને કઉ ખાતે રૂ. ૩૪૨ લાખના ખર્ચે નવનિર્મિત સરકારી તથા ઉચ્ચતર માધ્યમિક શાળાનું લોકાર્પણ શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ના હસ્તે કરાયું હતું.

મોડાસાના સાકરીયા ખાતે નિર્માણ થનાર તાલીમ ભવનનું ખાતમુહૂર્ત શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આપણે સૌ આજે સાકરીયા ખાતે ભેગા થયા છે ત્યારે મળીને શિક્ષણ સુધારવાનો સંકલ્પ કરીએ. રાજ્ય સરકારે દેશમાં ના હોય તેવા તેવા શિક્ષણની વ્યવસ્થા કરી છે. આપણું મિશન સ્કૂલ ઓફ એકસલન્સ ગ્રેડ સ્તર જોઈને વિશ્વની વર્લ્ડ બેંક કોઈ એક રાજ્યને મદદ કરે છે, જેનો લાભ આપણા ગુજરાત રાજ્યને મળ્યો છે. જ્યારે શિક્ષણમાં રાજ્યના દરેક શિક્ષકોનો ક્રમશ મહત્વનો ફાળો રહેલો છે. જેમાં દરેકે સારી એવી મહેનત કરી છે. જે અંતર્ગત રાજ્યને છ ગ્રેડ મળ્યો છે. જેને આપણે હજુ વધુ એવી સારી મહેનત કરીને તેને ૨૦૨૦-૨૧માં છ મેળવીશું.

તેમણે વધુમાં જણાવ્યું કે, આ વખતે માર્ચ મહિનામાં ૧ થી ૮ ની એકમ કસોટી અને ૯ થી ૧૨ ની નિદાન કસોટીનું આયોજન ટૂંક જ સમયમાં કરવામાં આવશે. પરીક્ષા હોય તો બાળક વાંચે અને મહેનત કરે છે. બાળકને મફતમાં આ ભવનમાં ઘર આંગણે શિક્ષણની વ્યવસ્થા મળી રહેશે. ખાનગી શિક્ષણ કરતા સરકારી શાળામાં પણ સારું શિક્ષણ મળી રહે છે. આજના દરેક શિક્ષકે સારી એવી મહેનત કરીને ગાંધીનગરની વાત નાના ગામડાઓ સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છે. હવે ઈલેક્ટ્રોનિક ટેકનોલોજી ગામડાઓ સુધી પણ પહોંચી છે. ચેતેશ્વર પુજારાની વાત કરતા તેમણે તેમના થકી ઉદાહરણ પૂરું પાડીને તેમણે ગુજરાતનું ગૌરવ ગણાવ્યું હતું.

જયારે મોડાસાના કઉ ખાતે રૂ. ૩૪૨ લાખના ખર્ચે તૈયાર થયેલ સરકારી તથા ઉચ્ચતર માધ્યમિક શાળાનું લોકાપર્ણ કરતા જણાવ્યું હતું કે, બે દશકા પહેલા સમાજના ૭૫ ટકા બાળકોનું જ શાળામાં નામાકંન થતું હતું પરંતુ તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવતા સમાજના છેવાડના અંતરીયાળ વિસ્તારના બાળકોમાં શિક્ષણનો નવો ઉજાસ પથરાયો અને સામાજીક આગેવાનો અને અધિકારીઓને બાળકોના સો ટકા પ્રવેશ થાય તેવી ઉતરદાયિત્વ સોંપ્યું. તો બાળકોના અભ્યાસનું સાચું મૂલ્યાકંન થાય તે માટે શાળામાં ગુણોત્સવનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યુ હતું કે, સારા શિક્ષણ માટે ઉત્તમ સુવિધાઓ પણ જરૂરી છે. તેની રાજય સરકારે સરકારી શાળાઓ કમ્પ્યુટર તથા સાયન્સ લેબ ઉપરાંત પાકા મકાનો અને શૌચાલય સહિતની તમામ આંતરમાળખાકીય સુવિધાથી સજ્જ કર્યા .જેને લઈ આજે રાજયના તમામ બાળકોને ઘર આંગણે વિનામૂલ્યે શિક્ષણ મળી રહ્યુ છે. સાચું અને સારા શિક્ષણ થકી જ સમાજમાં નવી ચેતના અને વિકાસની દિશાઓ ખૂલે છે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે કોરોના કાળમાં બાળકોના આરોગ્યની ચિંતા કરી શાળાઓ બંધ કરવામાં આવી હતી પરંતુ શિક્ષણનો પ્રવાહ અવિરત ચાલુ રહ્યો હતો. સરકારી શાળાઓમાં મૂલ્યવર્ધિત શિક્ષણ શરૂ કરવાના પરીણામે આજે રાજયના ૩ લાખથી વધુ બાળકો ખાનગી શાળા છોડીને સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે. મંત્રીશ્રીએ બાળકોમાં શિક્ષણનું સાતત્ય જળવાઈ રહે તે માટે કક્ષા પ્રમાણે વાંચન-લેખન અને ગણન ક્ષમતા કસોટી લેવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં સાસંદ શ્રી દિપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી લાલસિંહ રહેવર, મોડાસાના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડના ધારાસભ્ય શ્રી જશુભાઈ પટેલ, કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીણા,



પૂર્વ ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલા, જિલ્લા અગ્રણી શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, રણવીરસિંહ ડાભી, જીસીઆરટીના નિયામક શ્રી જોષી, ડાયેટના આચાર્ય શ્રી પોરાણીયા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી ગાયત્રીબેન પટેલ, પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી સ્મિતાબેન પટેલ સહિત આગેવાનો અને શિક્ષણપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યા હતા.


# કોરોનાની ત્રીજી લહેરનો ભય : ઉત્તર ગુજરાતમાં થેલેસેમિયાથી પીડાતા બાળકો ઉપર વધુ જોખમ હોવાની સંભાવના

**મારા ગામનું બાળક, કોરોના મુક્ત બાળક... ની ગુંજ ગામે ગામ પહોંચશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમણ અંકુશમાં હોવાના રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના આંકડા બોલી રહ્યા છે. પરંતુ જે રીતે સંક્રમણ કાબુમાં આવ્યું પરંતુ ભીડ અને માસ્ક પહેરવાનું લોકો ભૂલી રહ્યા છે તે જોતાં દેશમાં કોરોનાની ત્રીજી લહેર ઑગષ્ટ-સપ્ટેમ્બરમાં હચમચાવે તેવી આશંકા સેવાઈ છે જેમાં બાળકો ઉપર વધુ જોખમ હોવાનું વૈજ્ઞાનિકો જણાવી રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે તમામ આગોતરાં પગલાં ભરાઈ રહ્યાં છે તેમ છતાં રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં થેલેસેમિયા રોગથી પીડાતા બાળકો ઉપર કોરોનાનું જોખમ વધુ હોવાની સંભાવના વ્યક્ત થઈ છે અને આગામી દિવસોમાં જ ગામે ગામ મારા ગામનું બાળક, કોરોના મુક્ત બાળક..ની ગુંજ પહોંચશે અને આ માટે રાજ્યના બાળ આયોગ વિભાગ દ્વારા જાગ્રતતા લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે.

કોરોનાની બીજી લહેર ધારણા કરતાં વધુ ઘાતક સાબિત થઈ. ઉત્તર ગુજરાતમાં બિનસત્તાવાર રીતે એપ્રિલ-મે. મહિનામાં કોરોનાના કારણે ૯૦૦ થી વધુ લોકોને કોરોના ભરખી ગયો. સરકારી દફતરે આ આંકડો માંડ ૨૫૦ ની આસપાસ નોંધાયેલો છે. પરંતુ ગામે ગામ જે લોકો એ કોરોનાના કારણે સ્વજનો ગુમાવ્યા તે જોતાં બીજી લહેરમાં કોરોનાનું અત્યંત ઘાતક સ્વરૂપ જોવા મળ્યું ત્યાર પછી સરકાર દ્વારા ૧૮ વર્ષથી ઉપરના તમામને મફત રસીકરણ શરૂ થયું. કોરોનાની ત્રીજી લહેર



આવે તે અગાઉ યુવાઓને કોરોના રસીથી રક્ષિત કરવાના પ્રયાસો સફળ રહેશે તેવું લાગે છે પરંતુ ત્રીજી લહેર બાળકો માટે વધુ ઘાતક સાબિત થવાની દેશ સહિત વિદેશના વૈજ્ઞાનિકોએ પણ આશંકા સેવી છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં કોરોનાથી સંક્રમિત બાળ દર્દીઓની સારવાર માટે સ્થાનિક વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા બેડ, પીડીયાટ્રીશીયન ડૉક્ટર સહિત તાસ્ક ફોર્સની તૈયારી કરવામાં આવી છે પરંતુ થેલેસેમિયાથી પીડીત બાળક કોરોનાથી સંક્રમિત થાય તો જોખમ વધુ હોવાની સંભાવના છે જેથી આવા સંક્રમિત બાળકો માટે વિશેષ તકેદારી રાખવા જિલ્લા વહીવટી તંત્રને અને આરોગ્ય વિભાગને સૂચના આપવામાં આવી છે. આ માટે ગામેગામ સામાજીક કાર્યકર, મુખ્ય શિક્ષક, સરપંચ, તલાટી કમ મંત્રી, પીડીયા ટ્રીશીયન, સ્થાનિક જિલ્લા બાળ સુરક્ષા એકમ અને બાળ કલ્યાણ સમિતિના સંપર્કો મળી રહે તે પ્રકારે બેનરો લગાવવા માટે પણ સૂચના મળવા લાગી છે.

**પુરવઠા તંત્રની કામગીરી સામે શંકા**

# સાબરકાંઠા, અરવલ્લીમાં બેરોકટોક ઠલવાતો બાયોડીઝલનો જથ્થો, તપાસ ઠેરની ઠેર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પુરવઠા તંત્રની કામગીરી સામે શંકા ઉભી થાય તે રીતે બેરોકટોક બાયોડીઝલનો જથ્થો ઉતારવામાં આવે છે અને તેનું વેચાણ થઈ રહ્યું છે. છેલ્લા ૧ મહિનામાં માલપુર, ધનસુરા અને ગાંભોઈ પોલીસે લાખો રૂપિયાની કિંમતનો બાયોડીઝલનો જથ્થો ઝડપ્યા પછી તપાસ જે રીતે ખોડંગાઈ રહી છે તે જોતાં બાયોડીઝલના વેપલામાં મોટું રેકેટ હોવાની સંભાવના છે. જિલ્લામાં ગેરકાયદે રીતે બાયોડીઝલનો વેપલો અંકુશમાં આવે તો પેટ્રોલ પંપ સંચાલકોને સામાન્ય રાહત થઈ શકે પરંતુ હવે તંત્રની જ ખોંરી દાનત હોય તો તેનો કોઈ ઝડપથી ઉકેલ આવે તેવું દેખાતું નથી.

બાયોડીઝલના નામે ડુપ્લિકેટ જવનશીલ પદાર્થનો વેપાર શરૂ થયો છે. તે અગાઉ ગેરકાયદે બાયોડીઝલ પંપ હાઈવે માર્ગો ઉપર બિલાડીના ટોપની માફક ફૂટી નિકળ્યા જેથી આવા ગેરકાયદે બાયોડીઝલ પંપની કાયદેસરતા અંગે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પેટ્રોલ-ડીઝલ પંપ એસોસીએશનના સંચાલકોએ આવેદનપત્ર આપ્યા પછી પુરવઠા તંત્ર ઉપકાર કરતું હોય તેમ અગાઉથી આવો વેપલો કરનારા સંચાલકોને ચેતવી દીધા અને તપાસ શરૂ કરી દેખાડા ખાતર સેમ્પલ લીધાં અને શું રિપોર્ટ આવ્યો તે હજુ પણ જાહેર કર્યું નથી. પરંતુ પાછલા ૧ મહિનામાં પુરવઠા તંત્ર અને પોલીસના ડર વગર જે રીતે ગેરકાયદેસર બાયોડીઝલનો જથ્થો ઝડપાયો તે જોતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા દેશી-વિદેશી દારૂના વેપલાની સાથે ગેરકાયદે બાયોડીઝલના વેપલા માટે કુખ્યાત બન્યા છે. મોટાભાગે ગેરકાયદે બાયોડીઝલ સુરતથી જિલ્લામાં ઠલવાતું હોવાના ઠોસ પુરાવા હોવા છતાં પોલીસ પણ હવે કેમ ઘૂંટણો ટેકવી રહી છે તે પેટ્રોલ-ડીઝલ




પંપના માલિકોને અને પ્રજાને સમજાતું નથી. જિલ્લા કલેકટર દ્વારા બન્ને જિલ્લામાં ઝડપાયેલા બાયોડીઝલનો જથ્થો, તેમાં પકડાયેલા સહઆરોપી, મુખ્ય આરોપી સહિતની વિગતોની તપાસ કરવામાં આવે અને તપાસ કેટલે સુધી પહોંચી તેની પણ વિગતો માંગવામાં આવે તો ગોરખ ધંધામાં તંત્રના કયા સરકારી બાબુઓની સામેલગીરી છે..?? તેનો પણ પર્દાફાશ થઈ શકે છે.

# પ્રાંતિજ ખાતે સ્વામી વેવેકાનંદની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ

**'સ્વામીજી અમર રહો' ના નારા સાથે ફુલહાર પહેરાવવામા આવ્યા: નગરપાલિકા પ્રમુખ, ભાજપ આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા**







પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સ્વામિવેવેકાનંદની પુણ્યતિથિને લઈને પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ ખાતે આવેલ સ્વામિવેવેકાનંદ ની પ્રતિમાને ફૂલહાર પહેરાવી પુષ્પાંજલિ અર્પી હતી. પ્રાંતિજ ખાતે સ્વામિવેવેકાનંદજી ની પુણ્યતિથીને લઈને ભાજપ દ્વારા સ્વામિવેવેકાનંદની પ્રતિમાને ફુલહાર પહેરાવી ને પુણ્ય તિથી નિમિત્તે ઉજવણી કરવામા આવી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડિયા, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદ ભાઈ બ્રહ્મભટ્ટ, પૂર્વપ્રમુખ ગીરીશભાઈપટેલ , રણજીતસિંહ રાઠોડ સહિત ભાજપ કાર્યકરો આગેવાનો અને પ્રાંતિજ નગરપાલિકાના ભાજપના કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

# અસહ્ય બફારો : અરવલ્લીના ૩ તાલુકાઓમાં મોંડી રાત્રે વીજળીના કડાકા સાથે વરસાદ

**માલપુર, બાયડમાં અડધો ઈંચ વરસાદ, મૂંરઝાતી ખેતીને ક્ષણિક જીવતદાન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

અરવલ્લી જિલ્લામાં વરસાદ ખેંચાતાં બફારો વધ્યો છે. વાવેતર ઉપર સંકટ મંડરાયું છે ત્યારે મોંડી રાત્રે જિલ્લાની પ્રજા ત્રસ્ત બનેલી જોવા મળી.

આ વખતે ચોમાસાની આગાહીમાં હવામાન વિભાગ પણ ગોથાં ખાતું હોય તેવી



વીજળીના કડાકા સાથે બાયડ, માલપુર અને મેઘરજમાં વરસાદ વરસતાં ખેતીને ક્ષણિક જીવતદાન મળ્યું છે. માલપુર-બાયડમાં અડધો ઈંચ, મેઘરજમાં ૪ મિમી. વરસાદ નોંધાયો છે. રવિવારે સવારે અસહ્ય બફારાથી સ્થિતિ છે. વરસાદ ખેંચાવવાનો છે તેવી આગાહી થાય છે ત્યારે અરવલ્લીના અનેક વિસ્તારોમાં વરસાદ વરસે છે પરંતુ વરસાદ થંભી ગયા પછી અસહ્ય બફારા અને ગરમીથી પ્રજા ત્રાહીમામ પોકારી ઉઠે છે. અગાઉના વરસાદથી હરખાયેલા ખેડૂતોએ વાવણીલાયક વરસાદ થયો છે તેમ સમજી વાવેતર તો કરી દીધું પરંતુ હવે ખેડૂતોને વરસાદની જરૂર છે. સાગમટે જિલ્લામાં સરેરાશ ૪ થી ૫ ઈંચ વરસાદ વરસે તો જ ખેતીને એક થી દોઢ પખવાડીયાનું જીવતદાન મળે તેવી સ્થિતિ છે. આ સંજોગોમાં આકાશમાંથી આચમનરૂપ વરસાદ વરસે તો ખેડૂતો પાયમાલ થઈ જાય તેવી સંભાવના વધી ગઈ છે. શનિવારે અસહ્ય બફારા અને ઉકળાટથી પ્રજા ત્રાસી હતી અને ઠંડક આપતાં ઉપકરણો પણ એક તબક્કે બેઅસર સાબિત થયાં. આકાશ સ્વચ્છ હતું, રાત્રે તારા દેખાતા હતા અને મોંડી રાત્રે એકાએક વરસાદ વરસતાં બહાર સૂતા લોકો ઘરમાં દોડી ગયા હતા. જિલ્લાના બાયડમાં ૧૭ મિમી, માલપુરમાં ૧૩ મિમી અને મેઘરજમાં ૪ મિમી વરસાદ નોંધાયો છે.

# કંજરીકંપા નજીક અકસ્માત : બાયડ તાલુકા પંચાયતના ટી.એલ.ઈ.નું કરૂણ મોત

**ડીઝાસ્ટર ડ્યુટી પૂરી કરી ઘરે જઈ રહ્યા હતા ત્યારે કાળ આંબ્યો, અજાણ્યો વાહન ચાલક ફરાર**

બાયડ (બ્યુરોઓફિસ) તા.૦૪

બાયડ-ધનસુરા માર્ગ ઉપર કંજરીકંપા નજીક મોંડી રાત્રે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતાં બાયડ તાલુકા પંચાયતમાં ટી.એલ.ઈ. તરીકે ફરજ બજાવતા બોલુન્દ્રા ગામના અર્પિત ચીમનભાઈ પટેલ(રહે.બોલુન્દ્રા,તા.મોડાસા)નું કરૂણ મોત નિપજતાં સમગ્ર પંથકમાં માતમ છવાયો છે. બાયડ મામલતદાર કચેરીમાં ડીઝાસ્ટર ડ્યુટી ઉપર મૂકાયેલા કરાર આધારીત કર્મચારીનું મોત નિપજતાં બાયડ તાલુકા પંચાયત સંકુલમાં શોક છવાયો હતો. બનાવ અંગે પાલ્લા ગામના હાર્દિક દિનેશભાઈ પટેલની ફરિયાદના આધારે ધનસુરા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

છેલ્લા કેટલાક સમયથી



બાયડ-ધનસુરા હાઈવે લોહી તરસ્યો બની ગયો છે. તેજ રફતારથી દોડતા મોટા વાહનોની ટક્કરથી અનેક નાના વાહન ચાલકોની જીંદગી જોખમાઈ રહી છે. આઉટ સોર્સીંગથી કરાર આધારીત ટી.એલ.ઈ. તરીકે બાયડ તાલુકા પંચાયતમાં ફરજ બાજાવતા અર્પિત પટેલનો ડીઝાસ્ટર ડ્યુટી ઉપર મૂકવામાં આવ્યા હતા. ડ્યુટી પૂરી કરી બાઈક લઈ ઘરે પરત જઈ રહ્યા હતા ત્યારે કંજરીકંપા નજીક અજાણ્યા વાહનો બાઈકને ટક્કર મારતાં તેઓ ફંગોળાઈ ગયા અને માથાના ભાગે ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. જાણવા મળ્યા મુજબ મૃતકના લગ્ન થયાને માંડ મહિનો પણ પૂરો થયો નથી ત્યાં કુદરતનો કહેર પટેલ પરિવાર ઉપર હાવિ થઈ ગયો.